RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૯૪તા.૨૧–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસ

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૦૯–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારે તા. ૨૮–૬–૧૧ના રોજ સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રી અને એસ.પી. 'ડી' ડીવીઝને અને આપશ્રીની કચેરીનાં કમિશ્નરશ્રીને ફોજદારી અરજી આપેલ જે અંગેની કાર્યવાહીની માહિતીની નકલ આપવા વિનંતી છે. મુદ્દા નં.(૨) મિલ્કત નોંધ નં.૧૨/૨૪૦૯ –૧૦ મિલ્કતધારકે મિલ્કત રીપેરીંગની મંજુરીની આડમા એક મિલ્કત પાડી નાંખી નવું આર.સી.સી. સ્લેબ, બીમ પ્લીન્થ અને કોલમ સહિત એક માળની જગ્યાએ બે માળની જગ્યાએ બે માળની ભોંયતળીયા સહિત આપશ્રીની કચેરીના ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટના પાર્ટ પ્લાનમાં સદર મિલ્કતનો આગળનો ભાગ ૨ ફુટ અને પૂર્વ ભાગ ૧૦ ફુટ કાયદેસર કપાતમાં જાય છે જે અંગે આપશ્રીની કચેરીના ડે.કમિ. (સ્પે.) અને એપેલેટ ઓફિસરશ્રી પાર્ટ પ્લાનમાં ૫૦૦ રૂા. ભરવા પડે અને નકશામાં બતાવ્યા મુજબ સદર મિલ્કતથી રસ્તા રેખાને અસર થતી નથી. એટલે કે ફકત રીપેરીંગની મંજુરી મેળવી મિલ્કતધારકે ગેરકાયદેસર બાંધકામ કરવામાં કોઈ વાંધો વિરોધ એસ.એમ.સી. ને નથી. જેની સને ૧૯૪૯ ના બીપીએમસી એકટની કલમ–૨૬૦ અનુસાર માહિતીની નકલ આપવા વિનંતી. આમ મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૯૪/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૦૯–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારે તા. ૨૮–૬–૧૧ના રોજ સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રી અને એસ.પી. 'ડી' ડીવીઝને અને આપશ્રીની કચેરીનાં કમિશ્નરશ્રીને ફોજદારી અરજી આપેલ જે અંગેની કાર્યવાહીની માહિતીની નકલ આપવા વિનંતી છે. . મુદ્દા નં.(૨) મિલ્કત નોંધ નં.૧૨/૨૪૦૯ –૧૦ મિલ્કતધારકે મિલ્કત રીપેરીંગની મંજુરીની આડમા એક મિલ્કત પાડી નાંખી નવું આર.સી.સી. સ્લેબ, બીમ પ્લીન્થ અને કોલમ સહિત એક માળની જગ્યાએ બે માળની જગ્યાએ બે માળની ભોંયતળીયા સહિત આપશ્રીની કચેરીના ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટના પાર્ટ પ્લાનમાં સદર મિલ્કતનો આગળનો ભાગ ૨ ફુટ અને પૂર્વ ભાગ ૧૦ ફુટ કાયદેસર કપાતમાં જાય છે જે અંગે આપશ્રીની કચેરીના ડે.કમિ. (સ્પે.) અને એપેલેટ ઓફિસરશ્રી પાર્ટ પ્લાનમાં ૫૦૦ રૂા. ભરવા પડે અને નકશામાં બતાવ્યા મુજબ સદર મિલ્કતથી રસ્તા રેખાને અસર થતી નથી. એટલે કે ફકત રીપેરીંગની મંજુરી મેળવી મિલ્કતધારકે ગેરકાયદેસર બાંધકામ કરવામાં કોઈ વાંધો વિરોધ એસ.એમ.સી. ને નથી. જેની સને ૧૯૪૯ ના બીપીએમસી એકટની કલમ–૨૬૦ અનુસાર માહિતીની નકલ આપવા વિનંતી. આમ મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૧૬૧૮ તા. ૨–૧૨–૧૧થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારે મધ્યસ્થ કચેરીમાં તા. ૨૬–૬–૧૧ના રોજ આપેલ અરજી અંગે થયેલ–નહીં થયેલ કાર્યવાહીની હકીકત દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર**

**નં.આરટીઆઈ સેલ/૧૩૪૮ તા.૨–૧–૧૨ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારનેઅપીલના મુદ્દા નં.૨ અંગે મુળ માહિતી માંગતી અરજી અન્વયે સુસંગતતા સ્પષ્ટ કરી આધાર સહ નારાજગીની વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૦૧૨ તા.૧૩–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૬૬ તા.૧૧–૧૧–૧૧ થી ટાઉન પ્લાનીંગ (મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ) તથા પોલીસ કમિ.શ્રી અઠવા લાઈન્સને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૬૧૮ તા.૨–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો આપેલ નથી.

અરજદારની તા.૯–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૧૪૬૬ તા.૧૧–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં ટાઉન પ્લાનીંગ (મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ) તથા પોલીસ કમિ.શ્રી અઠવા લાઈન્સને તબદીલ કરવામાં આવેલ. ટાઉન પ્લાનર શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૫૪ તા.૨૩–૧૧–૧૧ થી નિયત સમય અવધિ બાદ કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૧૮ તા.૨–૧૨–૧૧ થી મુદ્દા નં.૧ થી ૨ની માહિતી આપવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં. મુદ્દા નં.(૧) તા. ૨૮–૬–૧૧ના રોજ સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અને એસ.પી. 'ડી' ડીવીઝને અને મ્યુ. કમિ.શ્રીની કચેરીનાં કમિશનરશ્રીને ફોજદારી અરજી આપેલ જે અંગેની કાર્યવાહીની માહિતીની નકલ આપવા વિનંતી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) મિલ્કત નોંધ નં.૧૨/૨૪૦૯ –૧૦ મિલ્કતધારકે મિલ્કત રીપેરીંગની મંજુરીની આડમા એક મિલ્કત પાડી નાંખી નવું આર.સી.સી. સ્લેબ, બીમ પ્લીન્થ અને કોલમ સહિત એક માળની જગ્યાએ બે માળની જગ્યાએ બે માળની ભોંયતળીયા સહિત આપશ્રીની કચેરીના ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટના પાર્ટ પ્લાનમાં સદર મિલ્કતનો આગળનો ભાગ ૨ ફુટ અને પૂર્વ ભાગ ૧૦ ફુટ કાયદેસર કપાતમાં જાય છે જે અંગે આપશ્રીની કચેરીના ડે.કમિ. (સ્પે.) અને એપેલેટ ઓફિસરશ્રી પાર્ટ પ્લાનમાં ૫૦૦ રૂા. ભરવા પડે અને નકશામાં બતાવ્યા મુજબ સદર મિલ્કતથી રસ્તા રેખાને અસર થતી નથી. એટલે કે ફકત રીપેરીંગની મંજુરી મેળવી મિલ્કતધારકે ગેરકાયદેસર બાંધકામ કરવામાં કોઈ વાંધો વિરોધ એસ.એમ.સી. ને નથી. જેની સને ૧૯૪૯ ના બીપીએમસી એકટની કલમ–૨૬૦ અનુસાર માહિતીની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કઈ માહિતી જણાતી નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન તરફથી આપેલી માહિતીથી નારાજ થઈ તા.૨૧–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે તથા ઉપલબ્ધ રેકર્ડ હોવા છતાં રેકર્ડ નીલ હોવાનું આપેલ છે.

વધુમાં અરજદારે પોલીસ કમિ.શ્રીને તા.૨૮–૬–૧૧ ના રોજ કરેલ ફરીયાદની એક નકલ મ્યુ. કમિ.શ્રી સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઓફિસને આપ્યાની રજૂઆત કરેલ છે જે અંગેની નકલમાં મધ્યસ્થ કચેરીએ તા.૨૮–૬–૧૧ ના રોજ સ્વીકારાયેલ પણ છે. વધુમાં અરજદારે એસએમસી/એફએપી–/૪૨૭/૧૦–૧૧ તા.૨૯–૩–૧૧ ના હુકમની નકલ રજૂ કરીને તથા રસ્તા કપાતના પાર્ટ પ્લાનની નકલ બીડાણ કરેલ છે.પરંતુ તે અંગે કોઈ રજૂઆત કરેલ નથી. જો તેમને રસ્તા માર્જીન અને મિલ્કત કપાત બાબતની રજૂઆત હોય તો લાગત ખાતાના સક્ષમ સત્તાને કરવાની રહે. અરજદારની તા.૨૮–૬–૧૧ ના રોજ આપેલ અરજી મ્યુ. કમિ. કચેરીએ સ્વીકારાયેલ છે આથી આ અરજી બાબતે મધ્યસ્થ કચેરીએ અરજદારની અરજી બાબતે થયેલ અથવા ન થયેલ કાર્યવાહીની માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૨ માં અરજદાર સ્વયં સ્પષ્ટ નથી માહિતી માંગણી સંદિગ્ધ છે. તેમ છતાં રજૂ કરેલ હુકમની નકલ પરથી લાગત જાહેર માહિતી અધિકારી ધ્વારા પાર્ટ પ્લાનની હુકમમાં નિર્દિષ્ટ નકલ આપવાનો પ્રસ્તાવ કરેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૯–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે અરજદારે મધ્યસ્થ કચેરીમાં આપેલ અરજી બાબતે શું કાર્યવાહી થઈ અથવા ન થઈ તે અંગેની માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઓફિસ) અરજદારની તા.૨૮–૬–૧૧ ના રોજ સ્વીકારાયેલ અરજીની નકલ સહ. ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર